# લોકસભાની ચૂંટણી નવ તબક્કામાં

નવી દિલ્હી,તા.૫

જેની ઉત્સુકતાપૂર્વક રાજકીય વર્તુળો અને બજારોમાં રાહ જોવામાં આવી રહી હતી તે લોકસભાની




ચૂંટણી માટેના કાર્યક્રમની આજે જાહેરાત કરવામાં આવી હતી. ચૂંટણી પંચે સવારે પત્રકાર પરિષદ યોજીને ચૂંટણી કાર્યક્રમની વિસ્તૃત જાહેરાત કરી હતી. લોકસબાની ચૂંટણી નવ તબક્કામાં યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ૧૬મી મેના દિવસે મત ગણતરી હાથ ધરાશે. એનો મતલબ એ થયો કે ૧૬મી મેના દિવસે દેશના આગામી વડાપ્રધાન કોણ બનશે તે અંગેના સસ્પેન્સનો અંત આવી શકે છે. ચૂંટણી કાર્યક્રમની જાહેરાત થવાની સાથે જ આચાર સંહિતા તાત્કાલિક ધોરણે અમલી બનાવી દેવામાં આવી છે. જુદા જુદા રાજ્યોમાં જુદા જુદા તબક્કામાં મતદાન યોજાનાર છે. એકબાજુ લોકસભા ચૂંટણી ખર્ચને લઈને નજર રાખવા માટે નિરીક્ષકો ગોઠવવામાં આવશે. ઉમેદવાર દ્વારા કરવામાં આવતા ખર્ચ ઉપર ચાંપતી નજર રાખવામાં આવશે. લોકસભા ચૂંટણીમાં મતદારોને ફોટાઓની સાથે વોટર સ્લીપ આપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. લોકસભામાં પ્રથમ વખત સ્લીમ આપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. લોકસભા ચૂંટણીમાં પ્રથમ વખત નોટાનો ઉપયોગ કરવામાં આવનાર છે. આનો મતલબ એ થયો કે કોઈપણ ઉમેદવાર પસંદ નહીં હોવાની સ્થિતિમાં આનો ઉપયોગ કરાશે. ૯.૩૦ લાખ મતદાન મથકો આ વખતે સ્થાપિત કરવામાં આવ્યા છે. લોકસભા ચૂંટણીને ધ્યાનમાં લઈને રવિવારના દિવસે વોટર લિસ્ટમાં નામ ઉમેરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આના માટે કેમ્પ લગાવવામાં આવશે. ગયા વખતની સરખામણીમાં આ વખતે વધારે બુથ સ્થાપિત કરવામાં આવ્યા છે.

મુખ્ય ચૂંટણી કમીશનરે કહ્યું છે કે ૯મી માર્ચના દિવસે વોટરોને વધુ એક તક આપવામાં આવશે. જે વોટરના નામ મતદાર યાદીમાં નથી તેવા વોટર પોતાના નામ લિસ્ટમાં ઉમેરી શકે છે. વોટર લિસ્ટ માટે નવ લાખ કેમ્પ ઊભા કરવામાં આવશે. ૮૧.૪ કરોડ મતદારો આ વખતે મતાધિકારનો ઉપયોગ કરશે. છેલ્લી ચૂંટણીથી ૧૦ કરોડ વધારે મતદારો આ વખતે ઉમેરાયા છે. મુખ્ય ચૂંટણી કમીશનર વી એસ સંપથે કહ્યું હતું કે પરીક્ષાઓ અને હવામાનની તારીખને ધ્યાનમાં લઈને ચૂંટણીની તારીખો નક્કી કરવામાં આવી છે. લોકસભા ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરતા સંપથે કહ્યું હતું કે ચોથી ફેબ્રુઆરીના દિવસે સર્વપક્ષીય બેઠક બોલાવવામાં આવી હતી. ૩૧મી મે સુધી તમામ ચૂંટણી પરિપૂર્ણ કરી લેવામાં આવશે. જુદા જુદા રાજ્યોમાં ચૂંટણી કાર્યક્રમને લઈને વિગતવાર માહિતી મુખ્ય ચૂંટણી કમીશનરે આપી હતી. ગુજરાતમાં ૩૦મી એપ્રિલના દિવસે મતદાન યોજાનાર છે. મત ગણતરીને લઈને પહેલાંથી જ ઉત્સુકતા જામી ગઈ છે. મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશમાં એક જ દિવસે મતદાન થશે. જ્યારે ગુજરાતમાં ૩૦મી એપ્રિલના દિવસો મતદાન થશે. ૧૬મી લોકસભાની ચૂંટણીની તારીખો જાહેર કરવામાં આવ્યા બાદ રાજકીય પક્ષોમાં પણ ઉત્સુકતા વધી ગઈ છે. લોકસભાની ચૂંટણી ૭મી એપ્રિલથી શરૂ થઈને ૧૨મી મે સુધી ચાલશે અને નવ તબક્કામાં આ ચૂંટણી યાજાશે.

## ચૂંટણીમાં પ્રથમ વખત નોટાનો વિકલ્પ રહેશે

લોકસભાની ચૂંટણી માટે આ વખતે સૌથી મોટી કવાયતના ભાગરૂપે ઘણા નવા પ્રયોગ કરવામાં આવનાર છે જેના ભાગરૂપે લોકસભા ચૂંટણીમાં પ્રથમ વખત નોટા વિકલ્પનો ઉપયોગ કરવામાં આવશે. આ ઉપરાંત રવિવારના દિવસે મતદાર યાદીમાં નામ જોડવા માટે કેમ્પ લગાવવામાં આવશે. ગયા વર્ષની સરખામણીમાં આ વખતે ૧૨ ટકા વધારે કેમ્પ ઉભા કરવામાં આવ્યા છે. નવમી માર્ચના દિવસે મતદારોને વધુ એક તક આપવામાં આવશે. જે મતદારોના નામ યાદીમાં નથી તે લોકો પોતાના નામ મતદાર યાદીમાં નોંધાવી શકે છે. મતદાર યાદી માટે નવ લાખ કેમ્પ બનાવવામાં આવશે.

## આંધ્ર, ઓરિસ્સા, સિક્કિમમાં વિધાનસભાની ચૂંટણી યોજાશે

લોકસભાની ચૂંટણીની સાથે સાથે કેટલાક રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી પણ યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેના ભાગરૂપે આંધ્રપ્રદેશ, ઓરિસ્સા અને સિક્કિમમાં વિધાનસભાની ચૂંટણી પણ યોજાવામાં આવશે. મુખ્ય ચૂંટણી કમીશનર વી એસ સંપથે આજે આ મુજબની જાહેરાત કરી હતી. આની સાથે જ છેલ્લા ઘણા દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. આચાર સહિતા તાત્કાલિક ધોરણે અમલી બનાવી દેવામાં આવી છે. વિધાનસભાની ચૂંટણીને શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ રીતે પાર પાડવા માટે પણ ચૂંટણી પંચે કમરકસી લીધી છે. કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પૂરતી સંખ્યામાં સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવશે. સાવચેતીના તમામ પગલાં લેવાની ખાતરી પણ આપી છે.

## ફોટો સાથે વોટર સ્લીપનો ઉપયોગ થશે

લોકસભાની ચૂંટણીમાં આ વખતે ૮૧.૪ કરોડ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા જઈ રહ્યા છે. વિશ્વમાં સૌથી મોટા લોકશાહી દેશ એવા ભારતમાં ચૂંટણી કાર્યક્રમની જાહેરાત થવાની સાથે જ લોકસભાની ચૂંટણી માટેનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ચૂક્યું છે. વર્ષ ૨૦૦૯માં યોજાયેલી છેલ્લી ચૂંટણીની સરખામણીમાં આ વખતે ૧૦ કરોડ વધારે મતદારો નોંધાયા છે. આવી સ્થિતિમાં લોકસભાની ચૂંટણી ઐતિહાસિક બની રહેશે. મુખ્ય ચૂંટણી કમીશનરે કહ્યું છે કે આ વખતે લોકસભાની ચૂંટણીમાં વોટરો માટે ફોટોની સાથે વોટર સ્લીપ આપવામાં આવશે. લોકસભાની ચૂંટણીમાં પ્રથમ વખત આ પ્રકારની સ્લીપનો ઉપયોગ કરવામાં આવનાર છે. સંપૂર્ણ કાર્યક્રમની વાત કરવામાં આવે તો ૧૬મી મેના દિવસે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થઈ જશે. મતદારોને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તે માટે આ વખતે તમામ પગલાં લેવામાં આવ્યા છે. ગયા વખતની ચૂંટણીની સરખામણીમાં આ વખતે બુથની સંખ્યા પણ ૧૨ ટકા વધી ગઈ છે. ૯.૩૦ લાખ જેટલા મતદાન મથકો આ વખતે સ્થાપિત કરવામાં આવનાર છે. ઉમેદવારોના ચૂંટણી ખર્ચ ઉપર ચાંપતી નજર રાખવામાં આવશે.

## લોકસભા ચૂંટણીનો કાર્યક્રમ

લોકસભાની ચૂંટણી માટેના કાર્યક્રમની આજે જાહેરાત કરી દેવામાં આવી હતી. આની સાથે જ તમામ રાજકીય પક્ષોએ તેમની તૈયારી પણ વધુ તીવ્ર બનાવી દીધી છે. આચાર સહિતા અમલી બનાવ્યા બાદ હવે કોઈપણ જાહેરાત કરી શકાશે નહીં. લોકસભાની ચૂંટણી માટેનું કાઉન્ટ ડાઉન ચૂંટણી કાર્યક્રમની જાહેરાત સાથે જ શરૂ થઈ ગયું છે. લોકસભાની ચૂંટણીના ભાગરૂપે ક્યાં કઈ તારીખે મતદાન થશે તેનું ચિત્ર નીચે મુજબ છે.

- ગુજરાતમાં ૩૦મી એપ્રિલના દિવસે મતદાન થશે
- ઝારખંડમાં ૧૦, ૧૭ અને ૨૪મી એપ્રિલના દિવસે ત્રણ તબક્કામાં મતદાન
- ઉત્તર પ્રદેશમાં ૧૦, ૧૭, ૨૪ અને ૩૦ એપ્રિલ તથા ૭ અને ૧૨મી મેના દિવસે છ તબક્કામાં મતદાન
- બિહારમાં ૧૦, ૧૭, ૨૪, ૩૦મી એપ્રિલ તથા ૭ અને ૧૨મી મેના દિવસે છ તબક્કામાં મતદાન
- દિલ્હીમાં ૧૦મી એપ્રિલના દિવસે એક તબક્કામાં મતદાન
- હરિયાણામાં ૧૦મી એપ્રિલના દિવસે એક તબક્કામાં મતદાન
- મહારાષ્ટ્રમાં ૧૦, ૧૭, ૨૪ એપ્રિલના દિવસે ત્રણ તબક્કામાં મતદાન
- પોડીચેરીમાં ૨૪મી એપ્રિલના દિવસે એક તબક્કામાં મતદાન
- દમણ અને દીવ, દાદરાનગર હવેલીમાં એક તબક્કામાં ૩૦મી એપ્રિલે મતદાન
- અંદામાન-નિકોબાર, લક્ષ્યદ્વીપમાં ૧૦મી એપ્રિલના દિવસે એક તબક્કામાં મતદાન
- મેઘાલયમાં ૯મી એપ્રિલના દિવસે એક તબક્કામાં મતદાન
- મિઝોરમમાં નવમી એપ્રિલના દિવસે એક તબક્કામાં મતદાન
- નાગાલેન્ડમાં નવમી એપ્રિલના દિવસે એક તબક્કામાં મતદાન
- સિક્કીમમાં ૧૨મી એપ્રિલના દિવસે એક તબક્કામાં મતદાન
- ત્રિપુરામાં ૭ અને ૧૨મી એપ્રિલના દિવસે બે તબક્કામાં મતદાન
- ચંદીગઢમાં ૧૦મી એપ્રિલના દિવસે મતદાન થશે
- પશ્ચિમ બંગાળમાં ૧૭, ૨૪, ૩૦મી એપ્રિલ તથા ૭ અને ૧૨મી મેના દિવસે પાંચ તબક્કામાં મતદાન
- ઓરિસ્સામાં ૧૦ અને ૧૭મી એપ્રિલે બે તબક્કામાં મતદાન
- ઉત્તરાખંડમાં ૭મી મેના દિવસે એક તબક્કામાં મતદાન
- પંજાબમાં ૩૦મી એપ્રિલના દિવસે એક તબક્કામાં મતદાન
- દિલ્હીમાં ૧૦મી એપ્રિલના દિવસે એક તબક્કામાં મતદાન
- મણિપુરમાં ૯ અને ૧૭મી એપ્રિલના દિવસે બે તબક્કામાં મતદાન
- રાજસ્થાનમાં ૧૭ અને ૨૪ એપ્રિલે બે તબક્કામાં મતદાન
- તામિલનાડુમાં ૨૪મી એપ્રિલના દિવસે એક તબક્કામાં મતદાન
- આંધ્રપ્રદેશમાં ૩૦મી એપ્રિલ અને ૭મી મેના દિવસે બે તબક્કામાં મતદાન
- અરુણાચલ પ્રદેશમાં ૯મી એપ્રિલના દિવસે એક તબક્કામાં મતદાન
- આસામમાં ૧૨, ૧૭ અને ૨૪ એપ્રિલના દિવસે મતદાન
- છતીસગઢમાં ૧૦, ૧૭ અને ૨૪ એપ્રિલના દિવસે મતદાન
- ગોવામાં ૧૭મી એપ્રિલના દિવસે મતદાન
- હિમાચલ પ્રદેશમાં ૭મી મેના દિવસે એક તબક્કામાં મતદાન
- જમ્મુ કાશ્મીરમાં ૧૦, ૧૭, ૨૪ અને ૩૦ એપ્રિલ અને ૭મી મેના દિવસે પાંચ તબક્કામાં મતદાન
- કર્ણાટકમાં ૧૭મી એપ્રિલે એક તબક્કામાં મતદાન
- કેરળમાં ૧૦મી એપ્રિલના દિવસે એક તબક્કામાં મતદાન
- મધ્ય પ્રદેશમાં ૧૦, ૧૭ અને ૨૪મી એપ્રિલના દિવસે ત્રણ તબક્કામાં મતદાન

# ભાજપ વન મેન પાર્ટી હોવાના અડવાણીના નિવેદનથી વિવાદ

નવી દિલ્હી,તા.૫

ભાજપના સંસદીય પક્ષના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીએ ભાજપ વન મેન પાર્ટી બની ગઈ હોવાની વાત કરીને ભાજપ માટે નવી મુશ્કેલી ઉભી કરી છે. કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીના નિવેદનમાં સુર પુરાવીને અડવાણીએ આ મુજબની વાત કરી છે. કોંગ્રેસના રાહુલ ગાંધીની સાથે સાથે અડવાણી પણ હવે ભાજપ વન મે શોની વિચારધારાથી સહમત છે. સુત્રોએ જણાવ્યા મુજબ ભાજપની એક સભામાં અડવાણીએ સિનિયર નેતાઓને કહ્યું હતું કે, પાર્ટી હવે વન મેન પાર્ટીની દિશામાં આગળ વધી રહી છે. અડવાણીએ કહ્યું હતું કે, તેઓ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીના એવા આરોપ સાથે સહમત છે કે, પાર્ટીમાં એક જ નેતાનું પ્રભુત્વ છે. આ બેઠકમાં મોદી, રાજનાથસિંહ અને અડવાણીની સાથે પક્ષના વરિષ્ઠ નેતા ઉપસ્થિત હતા. ઉમેદવારોની પ્રથમ યાદી જારી કરવાને લઈને ઉમેદવારોના નામ ઉપર ચર્ચા થઈ રહી હતી. મોદી અને અડવાણી નજીક બેઠા હતા ત્યારે જ અડવાણીએ એમ કહીને તમામને ચોંકાવી દીધા હતા કે ભાજપ હવે વન મેન પાર્ટી બની ગઈ છે. તમામ લોકોને ભારે આશ્ચર્ય થયું હતું. કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી હમેશા ભાજપને વન મેન પાર્ટી કહે છે. વન મેન પાર્ટી હેઠળ ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી ઉપર પ્રહાર કરે છે. જાણકાર નિષ્ણાતો અને ટિકાકારોમાં પણ એવી ચર્ચા રહી છે કે, ભાજપ હવે મોદી ઉપર કેન્દ્રિત પાર્ટી બની ગઈ છે. ભાજપ નેતાએ કહ્યું છે કે, આ પ્રકારના કારણો આધાર વગરના છે. અડવાણીએ એમ પણ કહ્યું હતું કે, ભાજપને મજબૂત કરવા માટે વધુ વિસ્તૃત બનાવવામાં આવે તે જરૂરી છે. અન્ય નેતાઓનું કહેવું છે કે, આ સંદર્ભમાં વાતચીત થઈ ગઈ છે. મોદી અડવાણીએ આ નિવેદન કર્યું ત્યારે શાંત રહ્યા હતા. અન્યોએ પણ કોઈ પ્રશ્નો ઉઠાવ્યા ન હતા. ત્યારબાદ રાજનાથસિંહે મૌન તોડીને ઉમેદવારોની પસંદગી અંગે વાતચીત શરૂ કરી હતી. અડવાણીનો સંપર્ક થઈ શક્યો નથી. ભાજપે હાલમાં અડવાણીને બાજુમાં કરી દઈને મોદી ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. મોદીના નજીકના સાથીએ કહ્યું છે કે, અડવાણી દ્વારા કરવામાં આવેલી ટિપ્પણી આશ્ચર્યજનક નથી. કારણ કે તેઓ પક્ષના વડાપ્રધાન પદના ઉમેદવાર બનવા ઈચ્છુક હતા. અડવાણીએ એમપણ કહ્યું હોવાનું જાણવા મળ્યું છે કે, પક્ષની નેતાગીરીએ તમામ સિનિયર



નેતાઓને સાથે લઈને સંયુક્ત પ્રયાસરુપે પ્રચારની રુપરેખા તૈયાર કરવી જોઈએ. આ વખતે માત્ર મોદી અને મોદી જ દેખાઈ રહ્યા છે. સુષ્મા સ્વરાજ જે લોકોનું ધ્યાન ખેંચી શકે છે તમની પણ બાદબાકી કરાઈ છે. દરેક રાજ્ય એકમે મોદીની રેલીઓ માટે વિનંતી મોકલી છે.

મોદી અને રાજનાથસિંહ હાલમાં દરેક જગ્યાએ પ્રચાર વ્યસ્ત રહ્યા છે. મોદી અને અડવાણી વચ્ચેના સંબંધ પ્રથમ વખત ખરાબ થયા નથી. અગાઉ પણ તેમની વચ્ચે વિરોધની સ્થિતિ હતી. મોદીની ભાજપ ચૂંટણી પ્રચાર સમિતિના વડા તરીકે પસંદગી કરવામાં આવતા અડવાણીએ રાજીનામુ આપ્યું હતું. જૂન ૨૦૧૩માં મોદીને ચૂંટણી પ્રચારની જવાબદારી સોંપવામાં આવી હતી. એવી જ રીતે ભાજપે જ્યારે વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે મોદીના નામની જાહેરાત કરી ત્યારે અડવાણી પક્ષની સંસદીય બોર્ડની બેઠકથી દૂર રહ્યા હતા. ભાજપના એક નેતાએ નામ જાહેર નહીં કરવાની શરતે કહ્યું છે કે, જેમ જેમ મોદી વધુને વધુ લોકપ્રિય થઈ રહ્યા છે તે રીતે અડવાણી પણ માની રહ્યા છે કે, ભાજપ એક વ્યક્તિની પાર્ટી થઈ ગઈ છે.

## સમાચાર ઝલક

- સુબ્રતો રોયની બે હજારની મુડીથી શરૂઆત, ૬૮ હજાર કરોડનું સામ્રાજય ઊભું કર્યું.
- ઉત્તરપ્રદેશમાં ડોકટરો પર થતી ગુંડાગીરી સામે હડતાળ પર ડોકટરો.
- વિચિત્ર કિસ્સામાં પગમાં ઉગતી શીંગડાના આકારની ચામડીનું સુરતમાં સફળ ઓપરેશન.
- ખોટા આક્ષેપો આશારામ બાપુ સામે કરવા બદલ અમૃત પ્રજાપતિ સામે કેસ નોંધવા કોર્ટનો આદેશ.
- દક્ષિણ ગુજરાતમાં ફરી કમોસમી વરસાદથી ખેડૂતો ચિંતાતૂર.
- દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી શીલા દિક્ષીત કેરળનાં રાજયપાલ બન્યા.
- સૂરતમાં તબીબો હવે આવકવેરાની જાળમાં.
- ઉત્તર પ્રદેશમાં પ્રધાનોને કામ કરવાની રીત સુધારવા મુલાયમસિંહની ચેતવણી.
- બળાત્કાર પીડિત વ્યક્તિની તબીબી કાળજી મળે તે માટે નવી માર્ગદર્શીકાઓ ઘડવામાં આવી.
- ‘સ્વચ્છ ગામ, નિર્મળ ગામ’ યોજનામાં ગ્રાંટની રકમ ૨૦૦ ટકા વધારવામાં આવી.
- વિશ્વમાં વર્ષે સૌથી વધુ બોમ્બ ધડાકા થનારા દેશમાં ભારતનું સ્થાન ત્રીજું, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશથી પણ આગળ.
- અનેક જાણીતા બ્રાન્ડ સાબુ-ડિટર્જન્ટના ભાવમાં વધારો થયો.
- દિલ્હીમાં ૧૮૧ હેલ્પલાઇન બંધ થવાના આરે, બે માસથી કર્મચારીઓને પગાર ચૂકવાયો નથી.
- ચૂંટણીમાં ગેરરીતિ સંબંધી ફરિયાદ માટે ખાસ ટોલ ફ્રી નંબર - ૧૯૫૦
- હવે દરિયામાં પ્લાસ્ટીક કચરાનું જોખમ, મૃત ડોલ્ફીનનાં શરીરમાંથી પ્લાસ્ટીકની કોથળીઓ મળી આવી.
- લોકસભાની ચૂંટણીના કારણે દેશનું અર્થતંત્ર મરણ પથારીએ.
- ગુજરાતમાં એક સાથે શિયાળા-ઉનાળાની બે ઋતુનો અનુભવ.
- ભારત બોકસીંગ ફેડરેશનની માન્યતા રદ કરતું આંતરરાષ્ટ્રીય બોકસીંગ ફેડરેશન.

## ચિદમ્બરમ યુબીઆઈ મુદ્દે વિસ્તૃત ચર્ચા કરશે

નવી દિલ્હી,તા.૫

આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજનની સાથે નાણાપ્રધાન પી. ચિદમ્બરમ આ સપ્તાહમાં ભારતમાં બેડ લોનની કટોકટીના મુદ્દા ઉપર ચર્ચા કરશે. યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયાની બેડ લોનને લઈને સરકાર હચમચી ઉઠી છે. ચિદમ્બરમ અને રઘુરામ રાજન વચ્ચે યોજાનારી બેઠકને લઈને તમામની નજર કેન્દ્રીત થઈ ગઈ છે. નાણામંત્રીએ કહ્યું છે કે, યુનાઈટેડ બેંકનો કેસ ખાસ કેસ છે. અમે આ મુદ્દે વાતચીત કરીશું. સાતમીના દિવસે આ મુદ્દે વાતચીત થનાર છે. સાતમી માર્ચના દિવસે નાણામંત્રી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા બોર્ડને સંબોધન કરનાર છે. ચિદમ્બરમ યુબીઆઈના મુદ્દા ઉપર વાતચીત ઉપરાંત નવા બેંકિંગ લાયસન્સ સાથે સંબંધિત મામલા પર પણ ચર્ચા વિચારણા કરશે. કોલકાતા સ્થિત યુબીઆઈને ડિસેમ્બરમાં પુરા થયેલા ત્રણ મહિનાના ગાળામાં ૧૨૩૮ કરોડનું નેટ નુકસાન થયું હતું. યુબીઆઈએ કેશમાં ૪૦૦ કરોડ રિકવર કર્યા હતા.



આગામી ૨૦૧૫માં યોજનાર ક્રિકેટ વર્લ્ડ કપના આયોજનની વિગતો અને કાર્યક્રમ અનુસંધાને નવી દિલ્હી ખાતે યોજાયેલ પ્રેસ કોન્ફરન્સને સંબોધન કર્યા બાદ ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ક્રિકેટરે હાથમાં ‘રેપ્લીકા ઓફ ધ વર્લ્ડ કપ-૨૦૧૫’ લઈને તસવીર પડાવી હતી.

## મોદી અને રાહુલ ગાંધીની નવીન પટનાયક દ્વારા ટીકા

ભુવનેશ્વર,તા.૫

ઓરિસ્સાના મુખ્યમંત્રી નવીન પટનાયકે નરેન્દ્ર મોદી અને રાહુલ ગાંધીની આજે જોરદાર ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, આ નેતાઓએ પુર બાદ ઉત્તરાખંડની મુલાકાત લીધી હતી. પ્રચંડ વાવાઝોડા બાદ તેમના રાજ્યની મુલાકાત લીધી ન હતી. બંને નેતાઓની જોરદાર ટીકા કરતા પટનાયકે તેમના ઉપર પ્રહાર કર્યા હતા. ભુવનેશ્વરથી ૧૮૦ કિલોમીટરના અંતે સ્થિત તેમના વતન જિલ્લા ગંજામમાં બરહામપુર શહેરમાં મહિલા રેલીને સંબોધતા પટનાયકે કહ્યું હતું કે, કોંગ્રેસ અને ભાજપના નેતાઓએ પુર બાદ તરત ઉત્તરાંખડની મુલાકાત લીધી હતી પરંતુ ચાર મહિના અગાઉ આવી જ કટોકટી દરમિયાન ઓરિસ્સાની મુલાકાત લીધી ન હતી. તેમના પિતા બીજુ પટનાયકની ૯૮મી જન્મજયંતિના પ્રસંગે મહિલા રેલીને સંબોધતા નવીને આક્ષેપોનો મારો ચલાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાન મનમોહનસિંહ, કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી, પક્ષના ઉપપ્રમુખ રાહુલ ગાંધી, ભાજપ પ્રમુખ રાજનાથસિંહ અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી એમ તમામ લોકો ઉત્તરાખંડ પહોંચ્યા હતા પરંતુ વાવાઝોડા ફેલિનના આતંક દરમિયાન કોઈપણ નેતા ઓરિસ્સામાં પહોંચ્યા ન હતા. અમે ભારતના નાગરિક નથી તેઓ પ્રશ્ન નવીન પટનાયકે કર્યો હતો. ઓરિસ્સામાં જ્યારે કટોકટી હતી ત્યારે આ તમામ નેતાઓ ત્યાં હતા. હવે આ નેતાઓ સહાનુભૂતિ દર્શાવી રહ્યા છે.

## આમ આદમી પાર્ટીની લોકપ્રિયતામાં સતત ઘટાડો

નવી દિલ્હી,તા.૫

લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે આમ આદમી પાર્ટી માટે નિરાશાજનક સમાચાર છે. પ્રાપ્ત અહેવાલ મુજબ આમ આદમી પાર્ટીની લોકપ્રિયતામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. સીએનએન-આઈબીએન લોકનીતિ સીએસડીએસ ઈલેક્શન ટ્રેકર દ્વારા દિલ્હીમાં ચોકાવનારા પરિણામની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં આમ આદમી પાર્ટીના મતમાં જાન્યુઆરીની સરખામણીમાં ૧૩ ટકાનો મોટો ઘટાડો થયો છે. સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે આમ આદમી પાર્ટી અને ભાજપ બંનેને દિલ્હીમાં કુલ સાત સીટો પૈકી બેથી ચાર સીટો મળવાનો અંદાજ છે. સર્વેની વાત ઉપર વિશ્વાસ કરવામાં આવે તો દિલ્હીમાં કોંગ્રેસને ૦-૨ સીટો મળી



શકે છે. દિલ્હીમાં જાન્યુઆરી મહિનાના સર્વેમાં આમ આદમી પાર્ટીને ૪૮ ટકા મત હિસ્સેદારીની શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી જ્યારે ભાજપને ૩૦ ટકા અને કોંગ્રેસને ૧૩ ટકા મત મળવાનો અંદાજ મૂકવામાં આવ્યો હતો. સર્વે મુજબ આમ આદમી પાર્ટીની લોકપ્રિયતામાં છેલ્લા બે મહિનામાં ભારે ઘટાડો થયો છે. આના પરિણામ સ્વરૂપે આમ આદમી પાર્ટીની મત હિસ્સેદારી ભાજપ અને કોંગ્રેસની તરફ ૭-૭ ટકા જતા રહેતા અરવિંદ કેજરીવાલ માટે નિરાશાજનક સમાચાર છે. જો કે આમ આદમી પાર્ટી હજુ પણ રેસમાં છે જે ભાજપ ૩૬ ટકાના મત હિસ્સેદારીથી માત્ર એક ટકા પાછળ છે. સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે કોંગ્રેસને ૨૨ ટકા મત મળવાની સંભાવના છે. જો કે દિલ્હી વિધાનસભાની ચૂંટણી યોજાય તો આમ આદમી પાર્ટીને ૪૬ ટકા મત મળવાનો અંદાજ છે. ભાજપના ખાતામાં પણ જંગી મતની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. કોંગ્રેસની સ્થિતિ પણ પહેલાની સરખામણીમાં સુધરી રહી છે. આમ આદમી પાર્ટીથી ઘણા લોકો નારાજ પણ દેખાઈ રહ્યા છે. આના માટે કેટલાક કારણો આપી રહ્યા છે. અરવિંદ કેજરીવાલ દ્વારા હાલમાં જે પ્રયોગો કર્યા તેને લઈને લોકો નાખુશ છે.